# અગત્યની જાહેરાત

આયોગની જા.ક્ર: ૪૦/૨૦૧૮-૧૯માં નામદાર હાઇકોર્ટમાં થયેલ SCA NO. 15866 OF 2018 અને SCA NO. 15867માં કોર્ટના તા- ૨૦-૧૨-૨૦૧૮ ના ઓરલ ઓર્ડર બાદ તા- ૨૯/૧૨/૨૦૧૮ ના રોજ સુધારેલ પરિણામમાં મુખ્ય પરીક્ષા માટે સફળ કુલ-૧૨ ઉમેદવારોએ મુખ્ય પરીક્ષાનું ફોર્મ તા- ૧૧/૦૧/૨૦૧૯ સુધીમાં આયોગ ખાતેથી રૂબરૂ મેળવી સામાન્ય વર્ગના ઉમેદવારોએ ફી પેટે રૂ. ૨૦૦/- રોકડેથી આયોગ ખાતે ભરી નીચે દર્શાવેલ પ્રમાણપત્રો પૈકી લાગુ પડતા જરૂરી પ્રમાણપત્રો સાથે તા- ૧૧/૦૧/૨૦૧૯ સુધીમાં આયોગ ખાતે જમા કરાવાનું રહેશે.

- એસ.એસ.સી.ઈ. અથવા તેની સમકક્ષ પરીક્ષાનું પ્રમાણપત્ર કે જેમાં જન્મ તારીખ દર્શાવેલ હોય.(શાળા છોડ્યાનું પ્રમાણપત્ર માન્ય નથી.)
- પદવી પ્રમાણપત્ર, એકથી વધુ પદવી હોય તો દરેક પદવીનું પ્રમાણપત્ર.
- પદવીનું ગુણ પત્રક કે પત્રકો (માર્કશીટ્સ)
- અનામત જાતિ માટે સક્ષમ અધિકારી દ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્ર અને શાળા છોડ્યાનું પ્રમાણપત્ર.
- સા.અને શૈ.પ.વર્ગના ઉમેદવારો માટે સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગના તા.૬-૨-૯૬ના ઠરાવથી નિયત થયેલ પરિશિષ્ટ–ક મુજબનું ‘ ઉન્નત વર્ગમાં સમાવેશ થતો ન હોય’ તેવું તા. ૦૧-૦૪-૨૦૧૬ પછીની તારીખનું પ્રમાણપત્ર.
- શારીરિક રીતે અશક્ત ઉમેદવારોને સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ના પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૦૮-૪૬૯૫૪૦-ગ.૨થી નિયત થયેલ સુપ્રિન્ટેડન્ટ / સિવિલ સર્જને આપેલ તબીબી પ્રમાણપત્ર.
- સરકારી નોકરીમાં હોય તેવા ઉમેદવાર માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૮-૧૧-૮૯ના પરિપત્ર ક્રમાંક : એફઓએ-૧૦૮૮-૩૯૪૦- ગ.૨થી નિયત કરવામાં આવેલ નમુનામાં સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ “ ના વાંધા પ્રમાણપત્ર. “
- માજી સૈનિક હોવા અંગે ડિસ્ચાર્જ બૂકની નકલ અને સેવાનું પ્રમાણપત્ર.
- નામમાં ફેરફાર કરાવેલ હોય તો ગેઝેટની / લગ્ન નોંધણી પ્રમાણપત્રની નકલ.
- વિધવા ઉમેદવારના કિસ્સામાં પુન:લગ્ન કરેલ નથી તે અંગેની એફીડેવીટ.
- ફી ભર્યા અંગેની પહોંચની નકલ.

તા- ૦૨/૦૧/૨૦૧૯